# અલંગ શિપ રિસાયકલિંગ ઉદ્યોગના પડતર પ્રશ્નો અંગે મુખ્યમંત્રીને રજૂઆત : સુખદ ઉકેલની ખાતરી

## નવી પોલિસી, ચાર્જિસમાં રાહત અને નિયમનો અંગે ચર્ચા; મંત્રી જીતુભાઈ વાઘાણીએ સાથે રહી અલંગ ઉદ્યોગની મુશ્કેલી માટે વિશેષ રસ લીધો

ભાવનગર,તા.૧૯

અલંગના શિપ રિસાયકલિંગ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન (ઈન્ડિયા), રી-રોલિંગ મિલ એસોસિએશન અને ફર્નેસ એસોસિએશનના હોદ્દેદારો દ્વારા ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને ઉદ્યોગના વિકાસમાં અવરોધરૂપ પડતર પ્રશ્નો અંગે વિગતવાર રજૂઆત કરવામાં આવી હતી. આ બેઠકમાં કૃષિમંત્રી જીતુભાઈ વાઘાણી પણ ઉપસ્થિત રહ્યા હતા.



એસોસિએશનના હોદ્દેદારો દ્વારા ગુજરાત મેરિટાઈમ બોર્ડ (GMB) દ્વારા રજૂ થનારી નવી પોલિસીમાં સૂચવેલા ફેરફારોનો સ્વીકાર કરી તેને વહેલી તકે અમલી બનાવવાની માગ કરવામાં આવી છે. આ ઉપરાંત, HKC (હોંગકોંગ કન્વેન્શન) હેઠળ જે નિયમનો પહેલેથી જ આવરી લેવાયા છે, તેનું પુનરાવર્તન અન્ય કોઈ વિભાગના નિયમોમાં ન થાય તે સુનિશ્ચિત કરવા વિનંતી કરાઈ હતી. ઉદ્યોગકારોએ GMBના વાર્ષિક ચાર્જિસમાં રાહત આપવાની પણ રજૂઆત કરી હતી.

તાજેતરમાં લોડિંગ અને પેમેન્ટ અંગે ઊભો થયેલો પ્રશ્ન મંત્રી જીતુભાઈ વાઘાણી અને રાજકોટના ધારાસભ્ય રમેશભાઈની મધ્યસ્થીથી ઉકેલાયો હતો, જેની પણ મુખ્યમંત્રીને વિગતવાર માહિતી આપવામાં આવી હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે તમામ એસોસિએશનના પડતર પ્રશ્નોને ધ્યાનપૂર્વક સાંભળ્યા હતા. તેમણે સંબંધિત વિભાગના અધિકારીઓને આ તમામ પ્રશ્નોનું વહેલી તકે યોગ્ય નિવારણ લાવવા માટે જરૂરી સૂચનાઓ આપી હતી અને ઉદ્યોગકારોને આશ્વાસન આપ્યું હતું. શિપ રિસાયકલિંગ અને તેને આનુષંગિક ઉદ્યોગોના વિકાસ આડે આવતી અડચણો દૂર કરવાની ખાતરી આપવા બદલ એસોસિએશનના હોદ્દેદારોએ મુખ્યમંત્રી અને કૃષિમંત્રીનો આભાર વ્યક્ત કર્યો હતો.

# ઉમરાળા-ચોગઠ રોડ પર ઈકો કાર ઝાડ સાથે અથડાતાં ચાલક ઈજાગ્રસ્ત



ઉમરાળાથી ચોગઠ રોડ પર દાતાર ચોકડી નજીક એક ગંભીર અકસ્માત સર્જાયો હતો, જેમાં એક ઈકો કાર ધડાકાભેર ઝાડ સાથે અથડાઈ હતી. પ્રાથમિક અહેવાલો અનુસાર, કાર ચાલકે અચાનક સ્ટેરિંગ પરનો કાબૂ ગુમાવી દેતા કાર રોડ પરથી નીચે ઉતરી ગઈ હતી અને માર્ગ કિનારે આવેલા ઝાડ સાથે ભટકાઈ હતી. આ જોરદાર ટક્કરને કારણે ઈકો કારને મોટું નુકસાન થયું હતું અને કાર ચાલકને શરીરે નાની-મોટી ઈજાઓ પહોંચી હતી. અકસ્માતને પગલે સ્થાનિક લોકો એકઠા થઈ ગયા હતા અને ઈજાગ્રસ્ત ચાલકને તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

# સિહોરના જાંબાળા ગામે ગેરકાયદેસર નવી ખાણ શરૂ થતાં રોષ: તાત્કાલિક બંધ કરવા ગ્રામજનોની રજૂઆત

## પંચાયતની મંજૂરી અને લોક સુનાવણી વગર પથ્થર ખોદકામ શરૂ કરાતા કલેક્ટર અને GPCBને લેખિત રજૂઆત

સિહોર,તા.૧૯

સિહોર તાલુકાના જાંબાળા ગામના સર્વે નંબર ૬૯ પૈકી ૧ ની જમીન પર ગ્રામ પંચાયતની મંજૂરી કે લોક સુનાવણી વગર પથ્થર ખોદકામની નવી ખાણ (ભડિયું) શરૂ કરાતા ગ્રામજનોમાં ભારે આક્રોશ ફેલાયો છે. નિયમોના ઉલ્લંઘન સાથે શરૂ થયેલી આ પ્રવૃત્તિ વિરુદ્ધ સરપંચ લીલીબેન પરમાર અને ગામના અગ્રણીઓએ જિલ્લા કલેક્ટર અને ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB) ભાવનગરને લેખિતમાં ઉગ્ર વાંધા અરજી આપી કામ તાકીદે બંધ કરાવવા માંગ કરી છે.

બ્લાસ્ટિંગ અને ખોદકામથી ઊડતી ઝીણી ધૂળના કારણે બાળકો અને વૃદ્ધોના શ્વસનતંત્ર પર ગંભીર અસર થવાની ભીતિ છે. વળી, નજીકની ખેતીની જમીનની ફળદ્રુપતા અને પાકને વ્યાપક નુકસાન થશે. ખાણકામથી ભૂગર્ભ જળના સ્તર ઊંડા જતાં કૂવા-બોરવેલ સુકાઈ જશે. ગૌચર અને સીમ વિસ્તાર પ્રભાવિત થતાં પશુપાલકોની આજીવિકા છીનવાઈ જશે. તેમજ ભારે વાહનોથી ગામના રસ્તાઓ બિસ્માર બનશે. આથી આ કામગીરી સત્વરે બંધ કરાવવા સરપંચ લીલીબેન ઘનશ્યામભાઈ પરમાર, માજી સરપંચ ઘનશ્યામભાઈ પરમાર, તાલુકા કોંગ્રેસ પ્રમુખ અશોકભાઈ મકવાણા સંજયભાઈ રામજીભાઈ તેજાણી (પાટીદાર અગ્રણી), હરેશભાઈ નગાભાઈ સાસલા (માલધારી યુવા અગ્રણી) તેમજ સુરેશભાઈ છગનભાઈ ચૌહાણ (કોળી સમાજ અગ્રણી) સહિત વિવિધ સમાજના અગ્રણીઓએ વહીવટી તંત્રને લોકહિતમાં આ ગેરકાયદેસર ખાણકામ પર તાત્કાલિક પ્રતિબંધ મૂકી, સ્થળ તપાસ કરીને કાયદેસરની ત્વરિત કાર્યવાહી કરવા અનુરોધ કર્યો છે.

# સુરક્ષામાં ડિજિટલ ક્રાંતિઃ દેશમાં 'સ્માર્ટ વેરહાઉસિંગ સિસ્ટમ'નો પ્રારંભ, AI અને IoT દ્વારા અનાજની રિયલ-ટાઈમ દેખરેખ થશે

## મંત્રી પ્રહલાદ જોશી અને નિમુબેન બાંભણિયાના નેતૃત્વમાં ખાદ્ય પુરવઠા શૃંખલાનું આધુનિકીકરણ શરૂ

નવી દિલ્હી, તા.૧૯

દેશમાં ખાદ્ય સંગ્રહ અને વિતરણ વ્યવસ્થાને આધુનિક બનાવવાની દિશામાં આજે એક ઐતિહાસિક પગલું લેવામાં આવ્યું છે. ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલયના વ્યાપક સુધારા એજન્ડા હેઠળ આજે દેશમાં 'સ્માર્ટ વેરહાઉસિંગ સિસ્ટમ'નો ભારત મંડપમ ખાતેથી ઔપચારિક શુભારંભ કરવામાં આવ્યો હતો. આ મહત્વાકાંક્ષી પહેલનો મુખ્ય ઉદ્દેશ્ય ખાદ્ય પુરવઠા શૃંખલા (food supply chain) માં ડિજિટલ પરિવર્તન અને આધુનિકીકરણને પ્રોત્સાહન આપવાનો છે.



ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલય કામગીરીને વધુ પારદર્શક, ઝડપી અને અસરકારક બનાવવા માટે સતત અત્યાધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરી રહ્યો છે. આ જ ક્રમમાં શરૂ કરવામાં આવેલી 'સ્માર્ટ વેરહાઉસિંગ સિસ્ટમ' દ્વારા સેન્ટ્રલ વેરહાઉસિંગ કોર્પોરેશન (CWC) ના ગોડાઉનોમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI), ઈન્ટરનેટ ઓફ થિંગ્સ (IoT) અને CCTV જેવી સ્માર્ટ ટેકનોલોજીથી રિયલ-ટાઈમ દેખરેખ શરૂ કરવામાં આવી છે. આનાથી અનાજનો સંગ્રહ વધુ સુરક્ષિત અને પારદર્શક બનશે તેમજ કોઈપણ પ્રકારના લીકેજ કે નુકસાનને સમયસર અટકાવી શકાશે.

આ પહેલ સરકારની ડિજિટલ ઈન્ડિયા, ઈન્ડિયાએઆઈ મિશન (IndiaAI Mission), પીએમ ગતિશક્તિ અને આત્મનિર્ભર ભારતની પરિકલ્પનાને અનુરૂપ છે. આ કાર્યક્રમ દરમિયાન તે ગોડાઉનોને પણ વિશેષ રૂપે સન્માનિત કરવામાં આવ્યા હતા, જેમણે 'ડેપો દર્પણ' અંતર્ગત ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું છે. ડેપો દર્પણ એ એક સંરચિત મૂલ્યાંકન અને પ્રદર્શન નિરીક્ષણ માળખું છે, જેને ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સંચાલન, સુરક્ષા, સ્વચ્છતા તેમજ સેવાની તત્પરતામાં સતત સુધારાને પ્રોત્સાહિત કરવાના ઉદ્દેશ્યથી લાગુ કરવામાં આવ્યું છે.

આ વિશેષ અવસરે કેન્દ્રીય ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રી પ્રહલાદ જોશી, કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણિયા, ખાદ્ય અને જાહેર વિતરણ વિભાગના સચિવ સંજીવ ચોપરા, જાહેર સાહસોના વિભાગ (DPE) ના સચિવ કે. મોસેસ ચાલાઈ તેમજ ખાદ્ય અને જાહેર વિતરણ વિભાગના અન્ય વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# બુધેલના કાફેમાં બાથરૂમ કરવાની ના પાડતા નવ શખ્સોનો હુમલો

## ગ્રાહકને ઠપકો આપવાની દાઝ રાખી સંચાલકોને ઢીકાપાટુનો માર માર્યો; પોલીસ ફરિયાદ નોંધાઈ

ભાવનગર,તા.૧૯

શહેરના ઘોઘા જકાતનાકા વિસ્તારમાં રહેતા અક્ષયભાઈ શિયાળ બુધેલ નજીક 'કેસરી ક્રિકેટ બોક્સ અને કાફે' ચલાવે છે. થોડા દિવસ અગાઉ અક્ષાન પટેલ નામનો ગ્રાહક કાફેના દરવાજા પાસે બાથરૂમ કરતો હોવાથી કાફેના ભાગીદાર કૃતાર્થભાઈએ તેને ઠપકો આપ્યો હતો. જેની દાઝ રાખી અક્ષાન અવારનવાર ઝઘડો કરતો હતો.

આ મામલે સમાધાન કરવા માટે કૃતાર્થભાઈ અને ધાર્મિકભાઈને રિંગરોડ પર બોલાવવામાં આવ્યા હતા, જ્યાં તેમને ગાળો ભાંડાતા બંને કાફે પર પરત આવી ગયા હતા. ત્યાર બાદ અક્ષાન પટેલ, રાજપાલસિંહ ગોહિલ, કર્મદીપ, જે.ડી., દક્ષદીપ ઝાલા, મિહીરરાજ ચુડાસમા, આશવ ત્રિવેદી, માનવીર ગોહિલ અને રિદ્ધેશ વનાર નામના નવ શખ્સોએ કાફે પર ધસી આવી તોડફોડ કરી હતી. આ શખ્સોએ સંચાલકોને ઢીકાપાટુનો ગંભીર માર મારી ઈજા પહોંચાડી હતી અને નાસી છૂટ્યા હતા. આ અંગે અક્ષયભાઈએ નવ શખ્સો સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે.

# કાળીયાબીડના વશિષ્ઠ આશ્રમમાં મંત્રોચ્ચાર મહાયજ્ઞ અને દીપમાળનો કાર્યક્રમ યોજાયો

## PM નરેન્દ્ર મોદીના ૧૨ વર્ષના સેવા યજ્ઞની પૂર્ણાહુતિ અને દીર્ઘાયુ માટે યોજાયો ધાર્મિક કાર્યક્રમ

ભાવનગર,તા.૧૬

કાળીયાબીડ સ્થિત વશિષ્ઠ આશ્રમ ખાતે અધિક માસની વિદાય નિમિત્તે ઓમ નમઃ શિવાય મંત્રોચ્ચાર મહાયજ્ઞ અને ભવ્ય દીપમાળા સાથે એક અનેરો ત્રિવેણી સંગમ કાર્યક્રમ ભક્તિભાવપૂર્વક યોજાયો હતો. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સફળ ૧૨ વર્ષના સેવા યજ્ઞ પૂર્ણ થવાના ઉપલક્ષ્યમાં તેમજ તેમના દીર્ઘાયુ માટે આ ખાસ ધાર્મિક ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. મહાયજ્ઞમાં ભોપાભાઈ સાટીયાએ વિધિવત પૂજા-અર્ચના કરી હતી. ભાગવતાચાર્ય શૈલેષ કનાડાએ શાસ્ત્રોક્ત મંત્રોચ્ચાર સાથે ભવ્ય યજ્ઞ સંપન્ન કરાવી ઉપસ્થિત ભક્તોને મંત્રમુગ્ધ કર્યા હતા. સવારે ૯ કલાકે શરૂ થયેલા આ કાર્યક્રમમાં સાંજે ૫ વાગ્યે શ્રીફળ હોમી પૂર્ણાહુતિ કરાઈ હતી. ત્યારબાદ સાંજે શિવજીની ભવ્ય દીપમાળા સાથે



મહાદેવ અને શ્રી રામચંદ્રજીની આરતી કરવામાં આવી હતી. વશિષ્ઠ આશ્રમના મહંત પ્રેમદાસ બાપુના માર્ગદર્શન હેઠળ જે.પી. ભટ્ટના સફળ સંચાલનથી યોજાયેલા આ દિવ્ય અવસરમાં મોટી સંખ્યામાં ભાવિકોએ આહુતિ આપી ધન્યતા અનુભવી હતી.

# આવતીકાલે ભંડારિયા સંઘના આંગણે રાજહંસસૂરી મ.સા.નું થશે આગમન

## ૨૪ સાધુ-સાધ્વીજી ભગવંતો અને મુમુક્ષોઓ પણ પધારશેઃ ભંડારિયા, નાગધણીબા અને સાણોદર જૈન સંઘમાં હર્ષોલ્લાસ

ભંડારિયા તા.૧૯

જૈન શાસનના પરમ પ્રભાવક આચાર્ય શ્રી વિજય રાજહંસ સૂરીશ્વરજી મહારાજ સાહેબ તથા આદિ સાધુ-સાધ્વીજી ભગવંતો આગામી શનિવાર, તારીખ ૨૦ જૂન ૨૦૨૬ના રોજ સવારે ૭:૦૦ વાગ્યે શ્રી ભંડારિયા સંઘના આંગણે પધારી રહ્યા છે.પૂજ્ય આચાર્ય ભગવંતના આ મંગલ પધરામણી પ્રસંગે સમગ્ર સંઘમાં અનેરો આનંદ અને ભક્તિનો માહોલ સર્જાયો છે.



આ પાવન પ્રસંગે ગુરુ ભગવંતનું ભાવ અને ભક્તિસભર સામૈયું કરવામાં આવશે. આ શુભ પ્રસંગે પૂજ્ય આચાર્ય મહારાજ સાહેબની સાથે ૨૪ સાધુ અને સાધ્વીજી ભગવંતો તેમજ મુમુક્ષોઓ પણ સંઘના આંગણે પધારી રહ્યા છે. પૂજ્ય શ્રમણ-શ્રમણી ભગવંતો અહીં એક દિવસ સ્થિરતા (રોકાણ) કરી કલ્યાણકારી પ્રવચન અને દર્શનનો લાભ આપશે, જેને લઈને શ્રાવક-શ્રાવિકાઓમાં ભારે ઉત્સાહ પ્રવર્તી રહ્યો છે. શ્રી ભંડારિયા, નાગધણીબા અને સાણોદર સંઘના સભ્યો આ ભક્તિમય પ્રસંગે પૂજ્ય ગુરુ ભગવંતો અને સાધુ- સાધ્વીજીને આવકારવા માટે ઉત્સાહભેર ભંડારિયા ખાતે ઉપસ્થિત રહેનાર છે.

# પાઠ્યપુસ્તકોની અછત મુદ્દે ઉમરાળામાં કોંગ્રેસ પ્રમુખ ભૂખ હડતાળ પર ઉતર્યા

## શાળાઓમાં પુસ્તકો ન મળતા શિક્ષણ કાર્ય પ્રભાવિત; ઘટતું ન થતાં અનશનનું પગલું

ભાવનગર,તા.૧૯

ભાવનગર જિલ્લાના ઉમરાળા તાલુકાની સરકારી શાળાઓમાં નવા શૈક્ષણિક સત્રની શરૂઆત છતાં હજુ સુધી પાઠ્યપુસ્તકોની અછત વર્તાઈ રહી છે. પુસ્તકો વિના વિદ્યાર્થીઓનું શૈક્ષણિક કાર્ય ગંભીર રીતે પ્રભાવિત થઈ રહ્યું હોવાથી વિરોધ પ્રદર્શનો શરૂ થયા છે. આ વિદ્યાર્થીઓના હિતમાં ઉમરાળા તાલુકા કોંગ્રેસ પ્રમુખ શક્તિસિંહ ગોહિલે ભૂખ હડતાળનું શસ્ત્ર ઉગામ્યું છે.

શક્તિસિંહ ગોહિલે જાહેરાત કરી છે કે જ્યાં સુધી તાલુકાના તમામ વિદ્યાર્થીઓને સમયસર પાઠ્યપુસ્તકો ઉપલબ્ધ નહીં કરાવાય, ત્યાં સુધી તેઓ પોતાના અનશન ચાલુ રાખશે. તેમણે આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, આ ગંભીર સમસ્યા અંગે તંત્રને અગાઉ અનેક રજૂઆતો કરવામાં આવી હોવા છતાં કોઈ જ યોગ્ય ત્વરિત નિરાકરણ આવ્યું નથી, જેના કારણે તેમને આ આકરું પગલું ભરવાની ફરજ પડી છે.

# રવિવારે લાંબામાં લાંબો દિવસ, રાત્રિ ટૂંકી રહેશે

## સોમવારથી ક્રમિક દિવસ ટૂંકો અને રાત્રિ લાંબી થશે, રવિવારથી સૂર્ય દક્ષિણ દિશા તરફ વળશે

અમદાવાદ,તા.૧૯

સૂર્ય ક્રાંતિવૃત અને આકાશી વિષુવવૃત્ત વર્ષમાં બે વખત એકબીજાને છેદે છે. આ છેદન બિંદુને સંપાત દિવસ કહેવામાં આવે છે. ભારતના લોકોએ માર્ચની તા. ૨૧ મી એ દિવસ અને રાત સરખા હોવાનો અનુભવ કર્યો હતો.રવિવાર તા.૨૧મી જુન લાંબામાં લાંબો દિવસનો લોકો અનુભવ કરશે. આ ખગોળીય ઘટનાનો લાભ લેવા ભારત જન વિજ્ઞાન જાથાની રાજય કચેરીએ લોકોને અપીલ કરી છે.

જાથાના રાજય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયાએ જણાવ્યું કે સૂર્ય ઉત્તર તરફ ખસતો જતા ઉત્તર ગોળાર્ધની દિવસની લંબાઈ વધતી જાય છે અને રાત ટૂંકી થતી જાય છે. તેના કારણે તા.૨૧ મી જુને લાંબામાં લાંબો એટલે કે રાજકોટમાં દિવસ ૧૩ કલાક ૨૮ મિનિટ, રાત્રિ ૧૦ કલાક ૩૨ મિનિટ અમદાવાદમાં દિવસ ૧૩ કલાક ૩૦ મિનિટ, રાત્રિ ૧૦ કલાક ૩૦ મિનિટ—સુરતમાં દિવસ ૧૩ કલાક ૨૨ મિનિટ, રાત્રિ ૧૦ કલાક ૩૮ મિનિટ – થરાદમાં દિવસ ૧૩ કલાક ૩૧ મિનિટ, રાત્રિ ૧૧ કલાક ૨૯ મિનિટ – મુંબઈમાં દિવસ ૧૩ કલાક ૧૩ મિનિટ - રાત્રિ ૧૦ કલાક ૪૭ મિનિટ સમયગાળામાં રહેશે. તા. ૨૨મી જુનથી ક્રમિક રીતે દિવસ સેકન્ડના તફાવતે પ્રમાણે ક્રમશઃ ટૂંકો અને રાત્રિ લાંબી થતી જોવા મળશે. ભારતમાં સૂર્યોદય-સૂર્યાસ્ત પ્રમાણે વિવિધ સ્થળોએ સેકન્ડ-મિનિટના તફાવતથી ફેરફાર દિવસ-રાત્રિ જોવા મળશે.

૨૧ મી જુન પછી સૂર્ય દક્ષિણ દિશા તરફ વળે છે તેથી તેને દક્ષિણાયાન કહેવામાં આવે છે. દિવસ-રાતની લંબાઈ ચંદ્રની દિશા ગતિ અને સૂર્ય તરફ પૃથ્વીનો ઝુકાવ અને સૂર્યને પરિભ્રમણ ગતિ વિગેરે પરિબળો પર આધારિત હોય છે જે સતત બદલાતા રહે છે. પૃથ્વી પોતાની ધરી ૨૩.૫ ને ખુણે નમેલી હોય છે. પૃથ્વીનું માથું દક્ષિણ અને ઉત્તર તરફ નમેલું હોવાના કારણે પૃથ્વીવાસીઓને ગરમી અને ઠંડી વિવિધ આબોહવાનો અનુભવ સૂર્યના કિરણોના કારણે જોવા મળે છે. તા. ૨૧મી જુને લાંબામાં લાંબો દિવસ રાત્રિ ટૂંકી ત્યાર બાદ સેકન્ડના તફાવતે દિવસ ટૂંકો અને રાત્રિ લાંબીનો લોકો અનુભવ કરશે.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)

# ભાવનગર વૃદ્ધાશ્રમના નવા આધુનિક કિરણભાઈ સંઘવી વૃદ્ધનિકેતન બિલ્ડીંગનું રવિવારે ઉદ્ઘાટન

## પ.પૂ. ગોસ્વામી આનંદબાવા આશીર્વચન સાથે મુખ્ય દાતા દુલારીબેન કિરણભાઈ સંઘવી તથા સંસ્થાના સ્થાપક ટ્રસ્ટી હર્ષદભાઈ શેઠના હસ્તે ખુલ્લુ મુકાશે



ભાવનગર,તા.૧૯

ભાવનગરનું વૃધ્ધાશ્રમ છેલ્લા ૫૦ વર્ષોથી કાર્યરત છે. તે સમયે વૃધ્ધાશ્રમની સ્થાપના શહેરના સામાજિક કાર્યના અગ્રણી એવા માનભાઈ ભટ્ટ દ્વારા કરવામાં આવી હતી. આજે ૫૦ વર્ષ બાદ ભાવનગર વૃધ્ધાશ્રમની સુવાસ સમગ્ર ભારતભરમાં પ્રસરી છે. ભાવનગર વૃધ્ધાશ્રમની શરૂઆત માત્ર ૧૦ વૃધ્ધ-વડીલોથી થઈ હતી. જે આજે ૨૫૦ કરતા વધુ થઈ ગઈ છે. સભ્ય સંખ્યા વધતા જરૂરિયાત જણાતા ૨૦૦૪ની સાલમાં નવું બિલ્ડીંગ બનાવવામાં આવ્યું હતું. ટ્રસ્ટ દ્વારા નવા બનાવાયેલ આધુનિક બિલ્ડિંગનું ઉદ્ઘાટન રવિવારે કરવામાં આવશે.

અહીંયા વડીલોની પ્રાથમિક જરૂરિયાતો, સાંસ્કૃતિક અને મનોરંજનના કાર્યક્રમો, રમત-ગમતની પ્રવૃત્તિઓ, વર્ષ દરમિયાન આવતા તમામ તહેવારોની ઉજવણી વૃધ્ધાશ્રમમાં થાય છે. વડીલોના સ્વાસ્થ્યની કાળજી માટે પૌષ્ટિક ભોજન તથા મૅડિકલ સુવિધાઓ ઉપલબ્ધ છે.માનભાઈ ભટ્ટ દ્વારા ઉભુ કરાયેલ વૃધ્ધાશ્રમનું બિલ્ડીંગ ૫૦ વર્ષો પછી જર્જરીત થઈ જતા ટ્રસ્ટી મંડળ દ્વારા આ બિલ્ડીંગને જમનીદોસ્ત કરી નવુ આધુનિક તમામ સગવડતાવાળુ આશરે રૂા. ૧૫ કરોડના ખર્ચે બનાવવાનું નકકી કરવામાં આવ્યું. તમામ ટ્રસ્ટીઓની મહેનત અને ભાવનગર વૃધ્ધાશ્રમની એક અનોખી જ છબીના કારણે જરૂરી તમામ રકમનું ડોનેશન વિવિધ ઉદાર દાતાઓ તરફથી માત્ર ત્રણ મહિનામાં એકત્રિત થઈ ગયું. વૃધ્ધાશ્રમના નવા બિલ્ડીંગ બનાવવાના કામકાજ માટે ચાર ટ્રસ્ટીઓની કમિટી બનાવવામાં આવી. અચ્યુતભાઈ મહેતા, કિર્તીભાઈ સખપરા, દેવેનભાઈ શેઠ તથા સંજયભાઈ શાહ. નવા બિલ્ડીંગનું કામ રજનીકાંતભાઈ મચ્છર, અતુલભાઈ વોરા તથા કમલેશભાઈ ડોડીયાને સોંપવામાં આવ્યું.

ટ્રસ્ટી અચ્યુભાઈ મહેતા હાલ અમદાવાદ સ્થિર થયા હોવા છતાં ચિવટપૂર્વક અનેકવાર અમદાવાદથી ભાવનગર આવીને ખૂબ જ સરસ રીતે કામ સંભાળ્યું કિર્તીભાઈ હાલ મુંબઈ સ્થિર થયેલ હોવા છતાં ભાવનગર આવીને બિલ્ડીંગના બાંધકામ માટે સમય આપીને સુંદર બિલ્ડીંગનું નિર્માણ કર્યું. આમ સૌ ટ્રસ્ટીની મહેનત અને ધગશથી આજે એક સુંદર મજાનું આધુનિક સગવડતા ધરાવતું ૧૯૦ વૃધ્ધ-વડીલોનો સમાવેશ થઈ શકે તેવું વૃધ્ધાશ્રમ તૈયાર થઈ ગયુ છે. સંસ્થાના ટ્રસ્ટી ભરતભાઈ શાહએ પણ બિલ્ડીંગના બાંધકામમાં પોતાનું ઘણું જ યોગદાન આપ્યું છે. બિલ્ડીંગને લગતા સરકારી કાર્યો મંત્રી બુધાભાઈ પટેલ એ સફળતાપૂર્વક પૂર્ણ કર્યા છે. ભાવનગર વૃધ્ધાશ્રમ દ્વારા પોતાના ઘરે રહેતા વૃધ્ધ-વડીલો માટે એકદમ વ્યાજબી દરે શુધ્ધ, સ્વાદિષ્ટ અને પૌષ્ટિક ટીફીન સવાર-સાંજ ઘરે પહોંચાડવામાં આવે છે. હાલમાં આશરે ૩૫૦ વૃધ્ધોને સવાર-સાંજ ઘરે બેઠા ટીફીન પહોંચે છે.આ નવા વૃધ્ધાશ્રમના બિલ્ડીંગનું નામ મુખ્ય દાતાએ સૂચવેલ "શ્રી કિરણભાઈ દ્વારકાદાસ સંઘવી વૃદ્ધનિકેતન" રાખવામાં આવ્યું છે. આ દાતા તરફથી સંસ્થાને રૂા. ૨ કરોડ ૪૧ લાખનું અનુદાન મળેલ છે. સંસ્થાના દરેક ટ્રસ્ટીઓએ નવા વૃધ્ધાશ્રમ માટે પોતાનું આર્થિક યોગદાન આપ્યું છે. પ્રમુખ નીલાબેન ઓઝા તથા મંત્રી બુધાભાઈ પટેલના માર્ગદર્શન નીચે તમામ ટ્રસ્ટીઓએ નવું વૃધ્ધાશ્રમ બનાવવામાં પોતાનું યોગદાન આપ્યું છે. ભાવનગર વૃધ્ધાશ્રમને તેમની શ્રેષ્ઠ કામગીરી બદલ ભૂતકાળમાં રાષ્ટ્રપતિના વરદ્ હસ્તે એવોર્ડ પણ મળેલ છે.

### અચ્યુતભાઈ મહેતાની ત્રિવિધ ભુમિકા

વૃધ્ધાશ્રમના સહમંત્રી દેવેનભાઈ શેઠએ પત્રકાર પરિષદમાં જણાવ્યું હતુ કે ટ્રસ્ટી મંડળે નવા બિલ્ડીંગ બનાવવાનું નકકી કર્યું ત્યારે સૌથી મોટો પ્રશ્ન ૧૫ કરોડનું ભંડોળ કેમ એકઠું કરવું તે હતો, પરંતુ મિટીંગ દરમિયાન જ ટ્રસ્ટી અચ્યુતભાઈ મહેતાએ મુંબઈ સ્થિત તેમના મોટા બહેનને ફોન કરી રૂા.અઢી કરોડનું ડોનેશન મેળવી દીધું. આ ઉપરાંત વૃધ્ધાશ્રમનું નવુ બિલ્ડીંગ બાંધવામાં તેમનો સિંહ ફાળો રહ્યો. જુના વૃધ્ધાશ્રમમાં રહેતા વડીલોને નવુ વૃધ્ધાશ્રમ બની જાય ત્યાં સુધી અન્ય જગ્યાએ શીફટ કરવામાં પણ અચ્યુતભાઈએ જગ્યા તેમના જાણીતા પાસેથી મેળવી આપી. આમ સંસ્થાને ઉપયોગી બનવામાં અચ્યુતભાઈએ ત્રિવિધ ભુમિકા ભજવી હતી.

# યશવંતરાય નાટ્યગૃહ બહાર જાદુગર અને સ્ટાફ પર પાઈપ-છરીથી હુમલો

## દુકાન ખાલી કરાવવાની અદાવતમાં સાત શખ્સોએ માર મારી ધમકી આપી; પોલીસ તપાસ શરૂ

ભાવનગર,તા.૧૯

શહેરના યશવંતરાય નાટ્યગૃહ ખાતે ગઈરાત્રે જાદુનો શો પૂરો કરીને બહાર નીકળી રહેલા જાદુગર અને તેમના સ્ટાફ પર સાત શખ્સોએ ઘાતક હુમલો કર્યો હોવાની ઘટના સામે આવી છે. ગોંડલના રહેવાસી રામભાઈ ચુડાસમાએ આ અંગે ઘોઘારોડ પોલીસ મથકમાં સાત શખ્સો સામે ફરિયાદ નોંધાવી છે. રામભાઈના નાના જમાઈએ પોતાની દુકાન મહેબૂબ ડેરૈયા અને ફિરોઝ ડેરૈયાને વાપરવા આપી હતી, જે થોડા દિવસ પહેલા જ ખાલી કરાવી લેવામાં આવી હતી. આ દુકાન ખાલી કરાવવાની દાઝ રાખીને મહેબૂબ, ફિરોઝ, તનુ, સોહિલ, યાયા કલાવાતર, ફઝલ અને ફયાઝ નામના શખ્સોએ નાટ્યગૃહ બહાર રામભાઈ તથા તેમના સ્ટાફને આંતર્યા હતા. હુમલાખોરોએ લોખંડના પાઈપ, ધોકા અને છરી વડે હિચકારો હુમલો કરી ગંભીર માર માર્યો હતો અને અપશબ્દો કહી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# મેદસ્વિતા અને વજન નિયંત્રણ માટે યોગ એક રામબાણ ઈલાજ

## સરળ આસનો, યોગ્ય ડાયેટ અને નિયમિતતા સ્વાસ્થ્ય સુધારવામાં છે અત્યંત ફાયદાકારક



ભાવનગર,તા.૧૯

આધુનિક જીવનશૈલી, અનિયમિત આહાર અને વધતા માનસિક તણાવના કારણે મેદસ્વિતા (મોટાપો) એક સામાન્ય સમસ્યા બની રહી છે. તેને ઘટાડવા અને શરીરને સ્વસ્થ રાખવા માટે યોગ એક સુરક્ષિત અને કુદરતી ઉપાય છે. યોગ માત્ર કેલરી નથી બાળતો, પરંતુ પાચનક્રિયા સુધારે છે અને માનસિક તણાવ દૂર કરીને વજન નિયંત્રિત કરે છે.

વજન ઘટાડવાની શરૂઆત કરનારાઓએ અઘરા આસનો કરવાને બદલે તાડાસન, વૃક્ષાસન, વજ્રાસન, શશાંકાસન, મકરાસન, ભુજંગાસન, પવનમુક્તાસન અને અનુલોમ-વિલોમ પ્રાણાયામ જેવા સરળ અભ્યાસ કરવા જોઈએ. આ ઉપરાંત સૂર્ય નમસ્કાર અને કપાલભાતિ ચરબી ઘટાડવામાં મદદરૂપ બને છે, જે નિષ્ણાતોના માર્ગદર્શન હેઠળ કરવા હિતાવહ છે.

તાજેતરમાં ઓપરેશન કરાવ્યું હોય, હૃદયરોગ, હાઈ બ્લડ પ્રેશર અથવા ગર્ભાવસ્થા જેવી સ્થિતિમાં ડૉક્ટરની સલાહ બાદ જ યોગ કરવો. યોગ માટે સવારનો સમય શ્રેષ્ઠ છે અને તે હંમેશા ખાલી પેટે જ કરવો જોઈએ.

અઠવાડિયામાં એક દિવસ લાંબો સમય યોગ કરવા કરતાં રોજ ૨૦ થી ૩૦ મિનિટનો નિયમિત અભ્યાસ વધુ અસરકારક છે. યોગની સાથે તળેલું, ગળ્યુ અને જંક ફૂડ ટાળીને સંતુલિત આહાર લેવો પણ એટલો જ જરૂરી છે. યોગને દૈનિક જીવનનો ભાગ બનાવવાથી શારીરિક અને માનસિક સ્વાસ્થ્યમાં નોંધપાત્ર સુધારો થાય છે.

## વિશ્વ યોગ દિવસના કાર્યક્રમમાં જોડાશે સ્કાઉટ ગાઈડ - રોવર રેંજર અને શિક્ષકો

ભાવનગર,તા.૧૯

૨૧ જૂન સમગ્ર વિશ્વ માં વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવશે ત્યારે ભાવનગર જિલ્લા ભારત સંઘ અને દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી ભવનના સંયુક્ત ઉપક્રમે તા.૨૦ ને શનિવારના રોજ પૂર્વ સંધ્યાએ સાંજે ૫ ૩૦ થી ૭-૧૫ દરમિયાન વિશ્વ યોગ દિવસની ઉજવણી દક્ષિણા મૂર્તિ બાલપમરાટ ખાતે કરવામાં આવશે.

પ્રતિ વર્ષની પરંપરા મુજબ જુદી જુદી શાળાના ૨૦૦ જેટલા સ્કાઉટ ગાઈડ , રોવર રેંજર અને શિક્ષકો ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા આપવામાં આવેલ થીમ " Yoga fro Healthy Ageing " ને ધ્યાનમાં રાખી ધ્યાન, પ્રાણાયામ બેસીને તેમજ ઉભા ઉભા થઈ શકે તેવા સરળ આસનો સૂર્ય નમસ્કાર કરવામાં આવશે પીએમ શ્રી શાળા નંબર ૬૯ના સ્કાઉટ ગાઈડ વિદ્યાર્થીઓ દ્વારા યોગની દર્શન પણ કરવામાં આવશે સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા જિલ્લા મંત્રી અજયભાઈ ભટ્ટના માર્ગદર્શનમાં સિનિયર સ્કાઉટ ગાઈડ અને શિક્ષકો જેમ ઉઠાવી રહ્યા છે.

## શહેર ભાજપ દ્વારા સુશાસનના બાર વર્ષ અંતર્ગત વિશેષ જન સંપર્ક અભિયાન

ભાવનગર,તા.૧૯

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીજીની કેન્દ્ર સરકારના સુશાસનના બાર વર્ષ પૂર્ણ થયાં સંદર્ભે ભાવનગર શહેર ભાજપ દ્વારા "વિશેષ જન સંપર્ક અભિયાન" ચાલી રહ્યું છે, જેમાં ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ સહીત શહેર સંગઠન પણ વિવિધ ક્ષેત્રમાં પ્રદાન હોય તેવી ભાવનગર શહેરની વિશેષ વ્યકતિઓનો સંપર્ક કરી રહ્યા છે, ત્યારે શહેર ભાજપ અધ્યક્ષ કુમારભાઈ શાહ તેમજ શહેરના પ્રભારી મંત્રી કૌશિકભાઈ વેકરીયા સહિતના પ્રતિનિધિ મંડળે દાસ પેંડાવાળા બૈજુભાઈ મહેતા, મારૂતિ પ્લાસ્ટોમેકના સંજયભાઈ સવાણી, શ્રીગણેશ એન્જિનિયરિંગ વર્કસના ભરતભાઈ ચુડાસમાના કર્મસ્થાનોની મુલાકાત લઈને તેઓની સાથે સંવાદ કર્યો હતો.

# રેડક્રોસ દ્વારા પ્રાથમિક સારવારના વર્ગો માટે જોડાયેલા લોકો માટે માર્ગદર્શિકા જાહેર કરાઈ

## ફર્સ્ટ એઈડનું ઓરીજનલ પ્રમાણપત્ર મેળવવા માટે ૩થી ૬ મહિના પહેલા તાલીમ મેળવવી જરૂરી

ભાવનગર,તા.૧૯

તાજેતરમાં કંડકટરની ભરતીમાં અરજી કરતા સમયે પ્રોવિઝનલ ફર્સ્ટ એઈડ સર્ટિફિકેટ હોય તો અરજી થઈ શક્તિ હતી.પરંતુ હવે તે અરજી કરતા સમયે ફરજિયાત નથી તેવું સરકાર દ્વારા તા૧૭ જૂનના રોજ માર્ગદર્શન મળતા રેડક્રોસ સોસાયટી ભાવનગર દ્વારા જરૂરી માર્ગદર્શિકા જાહેર કરાઈ છે.

કંડકટરની ભરતીમાં ડોક્યુમેન્ટ વેરીફીકેશન સમયે ઓરીજનલ ફર્સ્ટ એઈડ સર્ટિફિકેટ આવશ્યક હોય છે અને તે નવી દિલ્હીથી આવતું હોય છે ફર્સ્ટ એઈડ ટ્રેનીગ લીધા બાદ દિલ્હીથી ઓરીજનલ સર્ટિફિકેટ પ્રાપ્ત કરવામાં ચાર થી છ મહિનાનો સમય લાગે છે કે કેટલાક કિસ્સામાં વધુ સમય પણ જાય છે.આથી સમજદાર અને જાગૃત ઉમેદવારો ત્રણ થી છ મહિના પહેલા તાલીમ લઈને ઓરીજનલ સર્ટિફિકેટ વિકલ્પે પ્રોવિઝનલ મેળવી કંડકટર બેઝ લાયસન્સ કઢાવી રાખે છે તેથી તેઓને આ જગ્યા માટે કોઈ તકલીફ પડતી નથી અને તેઓ આસાનીથી ડોક્યુમેન્ટ વેરીફીકેશનમાં પાસ થઈ જાય છે. આથી ઓરીજનલ પ્રમાણપત્ર મેળવવા માટે ત્રણ થી છ મહિના પહેલા તાલીમ મેળવવી ખૂબ જરૂરી છે. હાલમાં રેડક્રોસ સોસાયટી ભાવનગરમાં ભરતી માટે ફોર્મ ભર્યા હોય જેમને હજુ તાલીમની આપેલી તારીખ જતી રહેલ કે પુરી ન થઈ હોય અને તાલીમ શરૂ ન થઈ ગયેલ હોય તેવા વિધાર્થી જો તાલીમ પાછળથી લેવા માંગે તો નવી તારીખ તાલીમ સમય આપવામાં આવશે અથવા તેને જો ફી પરત કે રીફન્ડ મેળવવા માંગતા હોય તે અસલ પહોંચ અને આઈ ડી કાર્ડ સાથે રાખી, રેડક્રોસ સોસાયટીમાં રીફન્ડ મેળવવા માટે તા.૨૮ જૂન સુધીમાં અરજી કરીને રીફન્ડ મેળવી શકશે જેનો સમય સવારે ૧૧ કલાક થી સાંજે ૬ કલાક સુધીનો રહેશે. જેમની પ્રાથમિક સારવાર તાલીમ માટે ફાળવેલી તારીખ બાકી હોય અને તાલીમ હજુ શરૂ ન થયેલ હોય તે જ વિધાર્થી ને તેનો લાભ મળી શકશે. રેડક્રોસ દ્વારા દરેક ફાળવેલી તારીખમાં પ્રાથમિક સારવારની તાલીમ અને સ્થળમાં કોઈપણ ફેરફાર કરવામાં આવેલ નથી તાલીમો રાબેતા મુજબ ચાલુ જ રહેશે અને તમામ વર્ગના નિયમો મુજબ જ રહેશે.

# દિવાનપરામાંથી દેશી પિસ્તલ અને છ જીવતા કારતૂસ સાથે શખ્સ ઝડપાયો

## આગામી તહેવારોને પગલે પોલીસની કડક કાર્યવાહી; એસ.ઓ.જી.એ વોચ ગોઠવઈ આરોપીને ઝડપી લીધો

ભાવનગર,તા.૧૯

ભાવનગર શહેરમાં આગામી તહેવારોને ધ્યાનમાં રાખીને પોલીસ દ્વારા અસામાજિક તત્વો વિરૂદ્ધ કડક હાથે કામગીરી શરૂ કરવામાં આવી છે. આ ઝુંબેશ અંતર્ગત ભાવનગર સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (એસ.ઓ.જી.) પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે દિવાનપરા વિસ્તાર નજીક એક શખ્સ ગેરકાયદેસર હથિયાર સાથે ફરી રહ્યો છે.

બાતમીના આધારે એસ.ઓ.જી. પોલીસે તાત્કાલિક વોચ ગોઠવીને તપાસ હાથ ધરી હતી. આ કાર્યવાહી દરમિયાન શહેરના દિવાનપરા રોડ પર આવેલા પાંજીગરા ચોકમાં રહેતા આસીફ ઉર્ફે બાબુલ અબ્દુલમુનાફભાઈ બાંમુસા નામના શખ્સને ઝડપી પાડવામાં આવ્યો હતો. પોલીસે આરોપીની તલાશી લેતા તેની પાસેથી એક દેશી બનાવટની પિસ્તલ (તમંચો) તેમજ ૬ નંગ જીવતા કાર્ટિસ (કારતૂસ) મળી આવ્યા હતા. પોલીસે હથિયાર અને કારતૂસ સહિત કુલ રૂપિયા ૧૦,૬૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે. આ ગેરકાયદેસર હથિયાર ક્યાંથી લાવવામાં આવ્યું હતું અને તેનો શું ઉપયોગ કરવાનો હતો તે દિશામાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોટા સમઢીયાળાનું નામ બદલી 'ઓઢા બાપુનું સમઢીયાળા' કરવામાં આવ્યું

અમરેલી:

અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાના મોટા સમઢીયાળા ગામના સરપંચશ્રી, ગ્રામ પંચાયત કચેરી દ્વારા ગામનું નામ બદલી અને 'ઓઢા બાપુનું સમઢીયાળા' કરવા માટે માંગણી કરવામાં આવી હતી. આઝાદી પહેલા આ ગામનું નામ ગામના સ્થાપક અને રાજવી ઓઢા બાપુના સમઢીયાળા તરીકે ઓળખાતું હતું. આ અંગે માંગણીના અનુસંધાને સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગર દ્વારા તા.૧.૦૬.૨૦૨૬ના ઠરાવથી ખાંભા તાલુકાના મોટા સમઢીયાળાને 'ઓઢા બાપુનું સમઢીયાળા' તરીકે મંજૂરીઆપી છે અને જરૂરી રેકર્ડમાં સુધારો કરવા માટે જણાવ્યું હતું. જેથી ઉપરોક્ત ઠરાવની તારીખથી રેકર્ડમાં જરૂરી સુધારા કરી અને મોટા સમઢીયાળા 'ઓઢા બાપુનું સમઢીયાળા' તરીકે ઓળખાશે તેમ જિલ્લા કલેક્ટરશ્રીની એક યાદીમાં જણાવ્યું છે.

અનુ.પાના ૮નું શરૂ...

## તળાજા-બોરડા રોડ પરથી ઈંગ્લીશ

ભાવેશ રણછોડભાઈ વાજા (વિકટર) અને ભાવેશ કરશનભાઈ સોલંકી (ઢસીયા, મહુવા) એ વિવેક ઉર્ફે દીપક ગુજરીયા (હાલ સુરત) પાસેથી મંગાવ્યો હતો. દારૂ છુપાવવા માટે રાજુભાઈ વાઘ નામના શખ્સે જરીના વેસ્ટના બિલની વ્યવસ્થા કરી આપી હતી. વાપીથી દારૂ ભરીને વિવેક ઉર્ફે દીપક બાઈક પર આઈસરની આગળ પોલીસની નજર રાખવા પાયલોટિંગ કરી રહ્યો હતો. તેમ જણાવેલ પોલીસે ૧૪.૩૬ લાખનો દારૂ બિયર તેમજ ૫ લાખનો આઈસર ટ્રક મળી કુલ રૂ. ૧૯.૩૬ લાખનો મુદામાલ જપ્ત કરી દાઠા પોલીસ મથકમાં ૬ શખ્સો સામે ફરિયાદ નોંધાવી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## લગ્નની લાલચે સગીરાનું અપહરણ

અમરેલી:બાબરા ટાઉન પોલીસ મથક વિસ્તારમાં સગીર વયની યુવતીને લગ્નની લાલચ આપી અપહરણ કરાયાની ફરિયાદ નોંધાતા પોલીસ ચોપડે ગુન્હો નોંધાયો છે.ગત તા. ૮ જૂન,ના રોજ બપોરના ૧૨ વાગ્યા આસપાસના સમયગાળા દરમિયાન ફરિયાદી ૪૦ વર્ષીય સગીરાની માતા મૂળ મધ્યપ્રદેશના ધાર જિલ્લાના રહેવાસી અને હાલ જિલ્લામાં વાડી-ખેતરે મજૂરી કામ કરે છે, તેમની આશરે ૧૭ વર્ષની સગીર વયની પુત્રીને બિહારનો રહેવાસી એસાન સહજાદ આલમ નામનો શખ્સ લગ્ન કરવાની લાલચ આપી યુવતી સગીર વયની હોવાની જાણ હોવા છતાં તેને લલચાવી-ફોસલાવી કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી લઈ ગયો હોવાનું નોંધાયું છે.


**જાહેર નોટીસ**

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર ગ્રામ્ય**

**કેસ નં ૩૯/૨૦૨૬**
**મરણ તા.૧૫/૧૦/૨૦૧૬**

**શ્રી ભુપતભાઈ તળશીભાઈ બારૈયા**
**રહે,દેવળીયા, તા.જી.ભાવનગર**

**વિરુધ્ધ**

**તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, મુ. દેવળીયા,તા.જી.ભાવનગર**

**વિષય :- જન્મ-મરણ નોંધણી અન્વયે મૃત્યુ નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી ભુપતભાઈ તળશીભાઈ બારૈયા રહે,દેવળીયા, તા.જી.ભાવનગરએ તેમના માતા સુશ્રી શીવુબેન તળશીભાઈ બારૈયાનું મરણ તા. ૧૫/૧૦/૨૦૧૬ના રોજ દેવળીયા મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબ ની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત કેસ નંબરથી અરજી કરેલ છે.

આ અરજી સામે જે કોઇ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઇપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૨૨/૦૫/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**(એમ.ડી.પરમાર)**
**મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ભાવનગર**



ગારીયાધાર નગરપાલિકા (જિ. .ભાવનગર)

વોક ઈન ઇન્ટરવ્યુ જાહેરાત

મુખ્યમંત્રી એપ્રેન્ટીસ યોજના અંતર્ગત ગારીયાધાર નગરપાલિકા, એપ્રેન્ટીસ એક્ટ-૧૯૬૧ હેઠળ પ્રવર્તમાન નિયમોનુસાર એપ્રેન્ટીસોની ભરતી કરવાની હોઈ, જે અન્વયે આ જાહેરાત મુજબની લાયકાત ધરાવાર ઉમેદવારોએ ઔદ્યોગિક તાલીમ સંસ્થા (ITI), નવાગામ રોડ, ગારીયાધાર ખાતે લાયકાતના જરૂરી અસલ તેમજ ઝેરોક્ષ પ્રમાણપત્ર સાથે તા. ૨૩/૦૬/૨૦૨૬ ને મંગળવાર ના રોજ સવારના ૧૧ : ૦૦ કલાકે ઉમેદવારે રૂબરુ સ્વખર્ચે ખાતે હાજર રહેવાનું રહેશે

| ક્રમ | ટ્રેડનું નામ | શૈક્ષણિક લાયકાત | અંદાજીત જગ્યા |
|---|---|---|---|
| ૧ | કોમ્પ્યુટર ઓપરેટર | કોમ્પ્યુટર કોર્સ, (ITI) | ૦૯ |
| ૨ | હેલ્થ સેનેટરી ઈન્સ્પેક્ટર | ITI હેલ્થ સેનેટરી ઈન્સ્પેક્ટર કોર્સ | ૦૧ |

૧. વય મર્યાદા-૧૮ થી ૩૫ વર્ષ સુધી રહેશે.
૨. એપ્રેન્ટીશીપનો સમયગાળો પૂર્ણ થયેથી આપો આપ છુટા થયેલ ગણવામાં આવશે. તેમજ અગાઉ એપ્રેન્ટીશીપ કરેલ ઉમેદવારે અરજી કરવી નહિ.
૩. તમામ શૈક્ષણિક લાયકાતના પુરાવાની પ્રમાણિત નકલો અરજી પત્રક સાથે રજુ કરવાના રહેશે.

જા.નં. ૮૬૭/૨૦૨૬
તા. ૧૭/૦૬/૨૦૨૬

(એ.પુ.રાજાણી) ચીફ ઓફિસર ગારીયાધાર નગરપાલિકા
(ડૉ. પ્રફુલભાઈ એલ. કાત્રોડીયા) ઉપ પ્રમુખ ગારીયાધાર નગરપાલિકા
(મીનાબેન એસ. બારૈયા) પ્રમુખ ગારીયાધાર નગરપાલિકા

માહિતી-ભાવ-૨૭૯-૨૬





EFCEE SAROVAR PREMIERE bhavnagar A SAROVAR HOTEL LEELA WORLD WIDE
Iscon Mega City, Opp. Victoria Park, Bhavagar - 364002
Reservations : +91 7575005171
esp@sarovarhotels.com

નિલકંઠ હોસ્પિટલ
ડો. મહેશ રાઠોડ
એમ.ડી. ફિઝિશ્યન, ક્રીટીકલ કેર એન્ડ આઇ.સી.યુ. સ્પેશ્યાલીસ્ટ
24/7 Emergency Services
પહેલો અને બીજો માળ, આર.કે. એવન્યુ કોમ્પલેક્ષ, જેલ રોડ, ભાવનગર-૩૬૪૦૦૧
9714772727 / 9601575707

આધુનિક રોબોટિક ઘૂંટણ સર્જરી, દર્દમુક્ત ઘૂંટણ માટે
SHUBHAM CENTER FOR ROBOTIC JOINT REPLACEMENT
મેડિક્લેઇમ અને કેશલેસ સારવાર ઉપલબ્ધ
ડૉ. કુશલ દોશી M.B., D.Ortho, FIAS
શુભમ્ ઓર્થોપેડિક એન્ડ ડેન્ટલ હોસ્પિટલ
પહેલો અને બીજો માળ, શુભમ્ કોમ્પ્લેક્ષ, પ્લોટ નં.99A/1, રસોઇ હોટલની સામે, કાળુભા રોડ, ભાવનગર.
7433972972 Shubhamorthodent Shubhamorthodent@gmail.com

ડાયાબિટીસ
ડૉ.પોમા શાહ
એમ.ડી.મેડીસીન કન્સલ્ટન્ટ ફીઝીશ્યન કાર્ડીયોલોજીસ્ટ એન્ડ ક્રિટીકલ કેર સ્પેશ્યાલીસ્ટ
બી.પી., 2D ઈકો
કે.પી હોસ્પિટલ
નિલમબાગ સર્કલ ભાવનગર
(278) 2424108 / 7265833325

# ભાવનગર મેડિકલ કોલેજ રેગિંગ કાંડ: ૬ સિનિયર વિદ્યાર્થીઓ સસ્પેન્ડ, પોલીસ ફરિયાદની તજવીજ

## એન્ટી રેગિંગ કમિટીની સાડા આઠ કલાકની મેરેથોન બેઠક બાદ કડક પગલાં; હોસ્ટેલ ખાલી કરવા આદેશ

ભાવનગર,તા.૧૯

ભાવનગરની સાર તખ્તસિંહજી હોસ્પિટલ સંલગ્ન સરકારી મેડિકલ કોલેજમાં જુનિયર વિદ્યાર્થીઓ સાથે થયેલા રેગિંગના મામલે એન્ટી રેગિંગ કમિટીએ કડક વલણ અપનાવ્યું છે. ઓર્થોપેડિક વિભાગના ફર્સ્ટ યરના ૧૩ વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવેલી ફરિયાદના આધારે કમિટીએ સાડા આઠ કલાક લાંબી મેરેથોન બેઠક યોજી હતી. તપાસના અંતે ૬ સિનિયર વિદ્યાર્થીઓને રેગિંગના ગુનામાં દોષિત જાહેર કરી ૬ મહિનાથી લઈને ૨ વર્ષ સુધી સસ્પેન્ડ કરવાનો ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો છે. આ તમામ દોષિત વિદ્યાર્થીઓ સામે સત્તાવાર પોલીસ ફરિયાદ નોંધાવવાની તજવીજ પણ હાથ ધરવામાં આવી છે.

મેડિકલ કોલેજના ઓર્થોપેડિક વિભાગના પ્રથમ વર્ષના ૧૩ જુનિયર વિદ્યાર્થીઓએ આરોપ લગાવ્યો હતો કે સિનિયર વિદ્યાર્થીઓ તેમની પાસે પૈસા માંગતા હતા અને માનસિક તેમજ શારીરિક ત્રાસ આપી 'મુર્ગા' બનાવતા હતા. આ ગંભીર આક્ષેપો બાદ એન્ટી રેગિંગ સ્કવોડ અને કમિટી દ્વારા તાત્કાલિક તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો હતો.

મેડિકલ કોલેજના ડીન ચિન્મય શાહે જણાવ્યું હતું કે, ગત સાંજે ૫ વાગ્યે શરૂ થયેલી એન્ટી રેગિંગ કમિટીની બેઠક વહેલી સવારે બે વાગ્યા સુધી ચાલી હતી. આ આખી પ્રક્રિયા દરમિયાન પીડિત વિદ્યાર્થીઓ, આરોપી વિદ્યાર્થીઓ, ફેકલ્ટી તેમજ સ્ટાફના નિવેદનો નોંધવામાં આવ્યા હતા. ન્યાયના સિદ્ધાંતને આધારે બંને પક્ષોને પોતાની રજૂઆત કરવા માટે ત્રણ વખત તક આપવામાં આવી હતી જેથી કોઈ નિર્દોષ વ્યક્તિ દંડાય નહીં. તમામ દસ્તાવેજી પુરાવા અને નિવેદનોની ચકાસણી બાદ કમિટી દોષિતો સામે કડક પગલાં લેવાના નિર્ણય પર પહોંચી હતી.

### રેગિંગ કરનારા ૬ વિદ્યાર્થી સસ્પેન્ડ થતા રૂ. ૭૬ લાખનું સ્ટાઈપેન્ડ બંધ

ભાવનગરની સરકારી મેડિકલ કૉલેજમાં ઓર્થો વિભાગમાં ૧૩ વિદ્યાર્થીનું રેગિંગ કરનારા આ જ વિભાગના ૬ સિનિયર વિદ્યાર્થીને ૬ મહિનાથી ૨ વર્ષ માટે સસ્પેન્ડ કરવાનો નિર્ણય લેવાયો છે. આ ઉપરાંત આ ત્રણેય વિદ્યાર્થીઓને આ સમયગાળા દરમ્યાન પ્રતિમાસ મળવાપાત્ર ૧-૧ લાખ રૂપિયાના હિસાબે ૭૬ લાખ રૂપિયાનું સ્ટાઈપેન્ડ બંધ કરવાનો નિર્ણય લીધો છે. આ અંગેની લેખિતમાં જાણકારી ઓર્થોપેડિક વિભાગના વિદ્યાર્થીઓને કરાશે.એન્ટિ રેગિંગ કમિટીએ તપાસ કરતાં રેગિંગ થયાનું પુરવાર થતાં ૧ વિદ્યાર્થીને ૧ વર્ષ માટે, બાકીના ૨ને ૬ મહિના માટે સસ્પેન્ડ કર્યા છે અને ૧ વિદ્યાર્થીને ૨ વર્ષ માટે કોલેજમાંથી તાત્કાલિક બરતરફ કરવામાં આવેલ છે. તેઓ સસ્પેન્ડ થતા આપોઆપ સ્ટાઈપેન્ડ પણ બંધ થશે તેમ ડીન ડો. ચિન્મય શાહ પાસેથી જાણવા મળ્યું છે.

### હોસ્ટેલ ખાલી કરવા અને પ્રવૃત્તિઓ પર પ્રતિબંધનો આદેશ

કમિટીના નિર્ણય અનુસાર, દોષિત જાહેર થયેલા તમામ ૬ વિદ્યાર્થીઓને તાત્કાલિક અસરથી હોસ્ટેલ ખાલી કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. સજાના ભાગરૂપે:૧ વિદ્યાર્થીને ૨ વર્ષ માટે સસ્પેન્ડ કરાયો છે. ૩ વિદ્યાર્થીઓને ૧ વર્ષ માટે સસ્પેન્ડ કરાયા છે. ૨ વિદ્યાર્થીઓને ૬ મહિના માટે સસ્પેન્ડ કરાયા છે. સસ્પેન્શનના ગાળા દરમિયાન આ વિદ્યાર્થીઓ કોલેજની કોઈ પણ ક્લિનિકલ કે એકેડેમિક પ્રવૃત્તિમાં ભાગ લઈ શકશે નહીં, તેમજ સર ટી. હોસ્પિટલની કામગીરીથી પણ દૂર રહેશે. ડીન ચિન્મય શાહે ઉમેર્યું હતું કે, વિદ્યાર્થીઓ વિરુદ્ધ આવો કડક નિર્ણય લેવો સંસ્થાના વડા તરીકે દુઃખદાયક હોય છે, પરંતુ શિસ્તભંગ અને રેગિંગ જેવી પ્રવૃત્તિઓ સાંખી શકાય નહીં. તમામ દોષિતો સામે પોલીસ સ્ટેશનમાં સત્તાવાર એફઆઈઆર (FIR) દાખલ કરવાની પ્રક્રિયા પણ ગતિમાં છે.

**સસ્પેન્ડ કરાયેલા તબીબી વિદ્યાર્થીઓના નામ**

| | |
|---|---|
| સિનિયર વિદ્યાર્થી: ડૉ. વિરેન્દ્રસિંહ જાડેજા | 2 વર્ષ |
| સિનિયર વિદ્યાર્થી: ડૉ. પ્રવીણ વર્મા | 1 વર્ષ |
| સિનિયર વિદ્યાર્થી: ડૉ. અમન વર્મા | 1 વર્ષ |
| સિનિયર વિદ્યાર્થી: ડૉ. વિશાલ ડાભી | 1 વર્ષ |
| સિનિયર વિદ્યાર્થી: ડૉ. ધર્મેન્દ્ર દયાલ | 6 મહિના |
| સિનિયર વિદ્યાર્થી: ડૉ. જયંત દેવાની | 6 મહિના |

## આવી પ્રવૃત્તિને કોઈપણ સંજોગોમાં સહન કરવામાં નહીં આવે - આરોગ્ય મંત્રી પાનશેરિયાનો ધ્રુજારો



આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ રાજ્યના તમામ દીકરા-દીકરીઓને નિવેદન આપતા જણાવ્યું છે કે જો કોઈ વિદ્યાર્થીને રેગિંગ, માનસિક ત્રાસ, દબાણ, ધમકી કે અન્ય કોઈપણ પ્રકારના અમાનવીય વર્તનનો સામનો કરવો પડે તો તે નિર્ભયતાપૂર્વક પોતાની કોલેજની એન્ટી-રેગિંગ કમિટી, કોલેજ તંત્ર અથવા સંબંધિત સત્તાધિકારીઓને તાત્કાલિક જાણ કરે. કોઈપણ વિદ્યાર્થીએ આવા દબાણ કે અમાનવીય કૃત્યને સહન કરવું નહીં. એન્ટી-રેગિંગ કમિટી અને આરોગ્ય વિભાગ દરેક વિદ્યાર્થીની સુરક્ષા અને ન્યાય માટે સંપૂર્ણ પ્રતિબદ્ધ છે અને મળેલી દરેક ફરિયાદ પર તાત્કાલિક તથા કડક કાર્યવાહી કરવામાં આવશે.કોઈપણ મેડિકલ કોલેજમાં રેગિંગ જેવી અસામાજિક, અમાનવીય અને અશિસ્તપૂર્ણ પ્રવૃત્તિને કોઈપણ સંજોગોમાં સહન કરવામાં આવશે નહીં.

# ભાવનગર સહીત રાજ્યના ૧૦૦ મંદિરોમાં ચોરી કરનાર આંતર જિલ્લા તસ્કર બેલડી પિંજરે પુરાઈ



ભાવનગર,તા.૧૯

ગુજરાત રાજ્યના અલગ-અલગ જિલ્લાઓમાં કુલ ૧૦૦ જેટલાં મંદિરોને નિશાન બનાવી ચોરી કરનાર આંતર જિલ્લા બે રીઢા ચોરોને ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચે (એલ.સી.બી.) ઝડપી પાડ્યા છે. પોલીસ ટીમે આરોપીઓ પાસેથી સોના-ચાંદીના દાગીના, કાર અને મોબાઈલ સહિત કુલ રૂ. ૫,૮૩,૦૫૦/- નો મુદ્દામાલ કબજે કરી મંદિર ચોરીના અનેક ગુનાઓનો પર્દાફાશ કર્યો છે.

ભાવનગર એલ.સી.બી. પોલીસ સ્ટાફ ગ્રામ્ય વિસ્તારમાં મિલકત સંબંધી વણશોધાયેલા ગુનાઓની તપાસમાં હતો. તે દરમિયાન બાતમી મળી હતી કે, પીપળીયા પુલથી ભાવનગર જવાના રસ્તે અગાઉ મંદિર ચોરીના ગુનામાં પકડાયેલા બે શખ્સો સફેદ કલરની સેલેરીયો કાર (નંબર- GJ-27-BE-3218) લઈને ઊભા છે અને તેમની પાસે સોના-ચાંદીના દાગીના છે. પોલીસે બાતમીવાળી જગ્યાએ દરોડો પાડી તપાસ કરતા અતુલ પ્રવિણભાઈ ધકાણ (ઉ.વ. ૪૬): મૂળ રહે. નવાગામ, તા. ગારીયાધાર, જિ. ભાવનગર (હાલ રહે. નરોડા, અમદાવાદ). ભરત પ્રવિણભાઈ થડેશ્વર (ઉ.વ. ૪૭): મૂળ રહે. કરિયાણા, તા. બાબરા, જિ. અમરેલી (હાલ રહે. નરોડા જી.આઈ.ડી.સી., અમદાવાદ).બંને શખ્સો શંકાસ્પદ મુદ્દામાલ સાથે મળી આવ્યા હતા. દાગીના અંગે કોઈ બિલ કે આધાર ન હોવાથી પોલીસે મુદ્દામાલ કબજે કરી બંનેની ધરપકડ કરી હતી.

આરોપીઓની પૂછપરછ દરમિયાન ચોંકાવનારી વિગતો સામે આવી છે. આ બંને શખ્સોએ ભાવનગર, અમરેલી, અમદાવાદ રૂરલ, અમદાવાદ સિટી, સુરેન્દ્રનગર, બોટાદ અને દેવભૂમિ દ્વારકા જિલ્લાના વિવિધ વિસ્તારોમાં થઈને કુલ ૧૦૦ જેટલાં મંદિરોમાં ચોરી કર્યાની કબૂલાત આપી છે. તેઓ મંદિરમાં દર્શન કરવાના બહાને જતા અને જો મંદિર બંધ હોય તો તાળાં તોડીને મૂર્તિ પર ચડાવેલા સોના-ચાંદીના દાગીના તેમજ દાનપેટીમાંથી રોકડની ચોરી કરતા હતા. તાજેતરમાં ૯ જૂન ૨૦૨૬ના રોજ ઘોઘાના સારવદર ગામે આવડ માતાના મંદિરમાંથી સોનાની નથ તેમજ સાત મહિના અગાઉ મોટા ખૂંટવડા અને મોટા દાઠા ગામના મંદિરોમાંથી સોના-ચાંદીના છતરની ચોરી કર્યાની પણ તેમણે કબૂલાત કરી છે.

પોલીસે આરોપીઓ પાસેથી સોનાની નથ, સોના-ચાંદીના ઢાળિયા, રૂ. ૩,૦૦૦ની રોકડ, ૨ મોબાઈલ ફોન અને ગુનામાં વપરાયેલી સેલેરીયો કાર કબજે કરી છે. એલ.સી.બી.એ બંને આરોપીઓ વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરી આગળની તપાસ માટે ઘોઘા પોલીસ સ્ટેશનને સોંપ્યા છે. આ ટોળકી અન્ય જિલ્લાઓમાં પણ સક્રિય હોવાથી ગુજરાતના તમામ જિલ્લાઓની પોલીસને આ અંગે જાણ કરવામાં આવી છે.

પોલીસ ઈન્સ. મયુરધ્વજસિંહ એમ.સરવૈયાના માર્ગદર્શન હેઠળ પોલીસ સબ ઈન્સ. આર.એ.વાઢેર, વી.સી.જાડેજા, પી.ડી.ઝાલા તથા સ્ટાફના જયદાનભાઈ લાંગાવદરા,બીજલભાઈ કરમટીયા,જગદિશભાઈ સાંગા,ફાલ્ગુનસિંહ ગોહિલ,શૈલેષભાઈ ચાવડા,રાજુભાઈ વાઘેલા, નીલેશભાઈ જોશી, પ્રજ્ઞેશભાઈ પંડયા આ કામગીરીરમાં જોડાયા હતા.

**ભાવનગર, અમરેલી, સુરેન્દ્રનગર અને અમદાવાદ સહિતના જિલ્લાઓમાં ચોરી કર્યાની કબૂલાત; મંદિરોમાં દર્શનના બહાને રેકી કરી તાળાં તોડતા ; તાજેતરમાં ઘોઘાના સારવદર ગામે આવડ માતાના મંદિરમાંથી સોનાની નથ ચોરી હતી**

# નશાની હાલતમાં કાર સાથે બે શખ્સો ઝડપાયા, બીયરના 5 ટીન જપ્ત કરાયા

ભાવનગર,તા.૧૯

પાલીતાણા રૂરલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગત રાત્રિ પેટ્રોલિંગ દરમિયાન પોલીસે એક કારમાંથી ગેરકાયદેસર બીયરના જથ્થા સાથે બે શખ્સોને ઝડપી પાડ્યા છે. પકડાયેલા બંને ઈસમો નશાની હાલતમાં વાહન ચલાવી રહ્યા હોવાનું પણ સામે આવ્યું છે.

પોલીસ મથકેથી મળતી માહિતી મુજબ, આજ રોજ મધ રાત્રીના ૦૧:૪૫ વાગ્યે પોલીસ સ્ટાફ નોંઘણવદર ગામ પાસે વાહન ચેકિંગમાં હતો. તે દરમિયાન સણોસરા તરફથી આવી રહેલી એક મારુતિ સુઝુકી ટુર ફોરવ્હીલ ગાડી નંબરઃ GJ-14-Z-8071 ને રોકી તપાસ કરવામાં આવી હતી. કાર ચાલક હિતેશભાઈ ભાયલાલભાઈ ભાલાળા ઉ.વ. ૨૮, રહે.પાંચટોબરા, ગારીયાધાર અને બાજુમાં બેસેલા આદિત્યભાઈ વીલાસગિરી ગૌસ્વામી ઉ.વ.૨૫, રહે.વેળાવદર, હાલ સુરત બંને કેફી પીણું પીધેલી હાલતમાં જણાયા હતા.

પોલીસે પંચોની હાજરીમાં કારની તલાશી લેતા ડ્રાઈવર સીટની પાછળથી એક પ્લાસ્ટિકની થેલી મળી આવી હતી. જેમાંથી પરપ્રાંતીય (દમણ અને દીવની) 'બર્ડવાઈઝર મેગનમ પ્રીમીયમ બીયર' ના ૫૦૦ એમ.એલ.ના કંપની સીલપેક ૫ ટીન કુલ કિંમત રૂ. ૬૧૫ મળી આવ્યા હતા. બંને ઈસમો પાસે આ અંગે કોઈ પાસ કે પરમિટ ન હોવાથી પોલીસે મુદ્દામાલ જપ્ત કર્યો છે. આરોપીઓ વિરૂદ્ધ પ્રોહિબિશન એક્ટની કલમ ૬૫(એ)(એ), ૧૧૬(બી) તેમજ નશાની હાલતમાં વાહન ચલાવવા અંગે અલગથી ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**નોંઘણવદર ગામ પાસે વાહન ચેકિંગ દરમિયાન પાલીતાણા રૂરલ પોલીસને મળી સફળતા**

# તળાજા-બોરડા રોડ પરથી ઈંગ્લીશ દારૂ ભરેલું આઈસર ઝડપાયું

## વેસ્ટ જરીના બાચકાની આડમાં સુરતથી મહુવા જતો દારૂનો મોટો જથ્થો એલસીબીએ ઝડપી લીધો; ૧૯.૪૨ લાખના મુદ્દામાલ જપ્ત, પાયલોટિંગ કરનાર સહિત ૬ શખ્સો સામે ગુનો દાખલ

ભાવનગર,તા.૧૯

ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાંચની ટીમે ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલીંગ દરમિયાન એક મોટી સફળતા મેળવી છે. તળાજાથી બોરડા જતા રોડ પર બાતમીના આધારે વોચ ગોઠવીને પોલીસે વેસ્ટ જરી (કચરા) ના બાચકાની આડમાં છુપાવીને લઈ જવાતો ભારતીય બનાવટનો વિદેશી દારૂ અને બીયરનો મસમોટો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસે આઈસર ટ્રક, દારૂ અને મોબાઈલ સહિત કુલ રૂ. ૧૯,૪૨,૨૦૬/- નો મુદ્દામાલ જપ્ત કરી એક આરોપીની ધરપકડ કરી છે.

LCB ની ટીમ ખાનગી વાહનમાં પેટ્રોલીંગમાં હતી. તે દરમિયાન બાતમી મળી હતી કે સુરતથી મહુવા તરફ એક આઈસર ટ્રક નંબરઃ GJ-14-AT-8384 માં ગેરકાયદેસર દારૂનો જથ્થો લઈ જવાઈ રહ્યો છે. પોલીસે બોરડા પાટિયા પાસે પંચોને સાથે રાખી વોચ ગોઠવી હતી અને રાત્રે શંકાસ્પદ આઈસર આવતા તેને વ્યુહાત્મક રીતે કોર્ડન કરી રોકી લીધું હતું.પોલીસે આઈસરના ચાલક અર્જુનભાઈ મથુરભાઈ સોલંકી રહે. કથીવદરપરા, તા.રાજુલાની અટકાયત કરી ટ્રકની તલાશી લીધી હતી. હાઈવે પર લાઈટની સગવડ ન હોવાથી વાહનને દાઠા પોલીસ સ્ટેશન લાવી ખાલી કરાવાતા, ૫ ટન જરીના વેસ્ટ બાચકાની નીચેથી ઈંગ્લીશ દારૂની કુલ ૧,૭૫૧ બોટલો કિંમત રૂ. ૧૨,૦૨,૨૦૬/- તથા બીયરના ૧,૮૭૨ ટીન કિંમત રૂ. ૨,૩૪,૦૦૦/- મળી આવ્યા હતા.પોલીસે આરોપીની પૂછપરછ કરતા આ દારૂનો જથ્થો (જુઓ પાનું ૬)»

# પાલીતાણા યાર્ડ સામે ખારા નદીના પટમાં જુગાર રમતા ત્રણ ઝડપાયા

ભાવનગર,તા.૧૯

ભાવનગર જિલ્લાના પાલીતાણા ટાઉન પોલીસ મથકના સ્ટાફે માર્કેટિંગ યાર્ડની સામે આવેલા ખારા નદીના પટમાં ખુલ્લી જગ્યામાં જુગાર રમતા ત્રણ શખ્સોને રંગેહાથ ઝડપી પાડ્યા છે. પોલીસ ઈન્સ્પેક્ટર બી.એમ. કરમટાની સૂચનાથી પ્રોહિબિશન અને જુગાર અંગે પેટ્રોલીંગમાં રહેલી ટીમને ભૈરવનાથ ચોક પાસે બાતમી મળી હતી કે, નદીના પટમાં કેટલાક ઈસમો ગંજીપતાના પાના વડે પૈસાની હારજીતનો જુગાર રમી રહ્યા છે.

આ બાતમીના આધારે પોલીસે પંચોને સાથે રાખી સવારે ૧૧:૩૦ વાગ્યે ઘટનાસ્થળે રેઈડ કરી હતી.દરમિયાન ગોળ કુંડાળું વળીને તીનપત્તીનો જુગાર રમતા નારૂભાઈ જીવાભાઇ રામાણી (ગઢવી), હિતેશભાઈ ધર્મશીભાઇ પરમાર (કોળી) અને ભોલાભાઈ બુધાભાઈ ચૌહાણ (કોળી) નામના ત્રણ શખ્સો પકડાઈ ગયા હતા. પોલીસે પકડાયેલા જુગારીઓ પાસેથી અંગઝડતી દરમિયાન રોકડા રૂ. ૩,૬૩૦/- તથા ગંજીપતાના પાના જપ્ત કર્યા છે. પોલીસે ત્રણેય ઈસમો સામે જુગાર ધારાની કલમ ૧૨ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**જુગાર સાહિત્ય અને રોકડા રૂ.૩,૬૩૦ સહિતનો મુદ્દામાલ જપ્ત કરાયો**

# રૂપાવટી ગામે સ્મશાન નજીક બાળકીની દફનવિધિ કરી વૈમનસ્ય ફેલાય તેવુ કૃત્ય કરતા ૬ સામે ગુનો નોંધાયો

## ભારે વિરોધ અને વિવાદ બાદ આખરે અઠવાડિયા પછી ગારિયાધાર પોલીસ મથકે ગુનો નોંધાયો; અગાઉ પણ આ મુદ્દે થયો હતો વિવાદ

ભાવનગર,તા.૧૯

ભાવનગર જિલ્લાના ગારિયાધાર તાલુકાના રૂપાવટી ગામે હિન્દૂ સ્મશાનની બાજુમાં લઘુમતી સમાજ દ્વારા ગત તારીખ ૧૧ના રોજ એક મૃત નવજાત બાળકીની દફનવિધિ કરવામાં આવી હતી. આ ઘટનાને પગલે ગામના હિન્દૂ સમાજમાં ભારે રોષ ફેલાયો હતો અને સામાજિક વૈમનસ્ય ઊભું થાય તેવા આ કૃત્ય સામે ઉગ્ર વિરોધ નોંધાવાયો હતો. જેમાં આજે ૬ સામે નામ જોગ ફરિયાદ નોંધાવાતા પોલીસે તપાસ હાથ ધરી છે.

રૂપાવટી ગામે બાળકીની દફનવિધિના આ વિવાદના એક અઠવાડિયા બાદ, આજે શુક્રવારે આખરે ગારિયાધાર પોલીસ મથકમાં ૬ શખ્સો સામે કાયદેસરની ફરિયાદ દાખલ કરવામાં આવી છે. પોલીસે ભારતીય ન્યાય સંહિતા (BNS) ની કલમ ૬૧(૨)(એ), ૧૯૬(૧)(બી), ૧૮૯(૨), ૨૯૮, ૩૦૧ તથા ૫૪ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રોમાંથી જાણવા મળ્યા મુજબ લઘુમતી સમાજને અગાઉ જ ગામની બહાર સરકારી પડતર જમીન ફાળવવામાં આવી હતી. આશરે ત્રણેક વર્ષ પહેલાં પણ દફનવિધિ કરવા મુદ્દે મોટો વિવાદ થયો હતો, જે તે સમયે ગામના આગેવાનો અને વહીવટી તંત્રની મધ્યસ્થતાથી સમાધાન કરીને થાળે પાડવામાં આવ્યો હતો. આમ છતાં, ફરી એકવાર સ્મશાનની નજીક દફનવિધિ કરવાનો મામલો સામે આવતા ગ્રામજનોમાં આક્રોશ ફાટી નીકળ્યો હતો, જેના પરિણામે આખરે પોલીસ ફરિયાદ નોંધાઈ છે. હાલ પોલીસ આ મામલે ઊંડાણપૂર્વકની તપાસ ચલાવી રહી છે.

# ધો.૧૦ પૂરક પરીક્ષાના બ્યુટી એન્ડ વેલનેસ પેપરમાં ૧૦૦% ગેરહાજરી!

## એગ્રીકલ્ચર વિષયના પેપરમાં માત્ર ૩૩% વિદ્યાર્થી એ પરીક્ષા આપી

ભાવનગર,તા.૧૯

ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાઇ રહેલી બોર્ડની પૂરક પરીક્ષામાં આજે શુક્રવારે સવારના સેશનમાં ધોરણ ૧૦ તથા ૧૨ની પરીક્ષા લેવાઈ હતી જેમાં ધો.૧૦માં બ્યુટી એન્ડ વેલનેસ પેપરમાં એક પણ વિદ્યાર્થી હાજર રહ્યો ન હતો અને ૧૦૦% ગેરહાજરી નોંધવા પામી હતી.

રાજ્યભરની સાથે ભાવનગરમાં પણ ધો.૧૦ અને ૧૨ની બોર્ડની પૂરક પરીક્ષા લેવાઈ રહી છે. અને પરીક્ષા હવે અંતિમ તબક્કામાં છે ત્યારે આજે શુક્રવારે ભાવનગરમાં સવારના સેશનમાં બ્યુટી એન્ડ વેલનેસ વિષયના પેપરમાં નોંધાયેલા ૨ પૈકી એકપણ વિધાયરથી પરીક્ષા આપવા આવ્યા ન હતા. જયારે ધો.૧૦માંજ એગ્રિકલચર વિષયની પરીક્ષામાં નોંધાયેલા ૬ પૈકી માત્ર ૨ વિદ્યાર્થી હાજર રહ્યા હતા અને ૪ ગેરહાજર રહ્યા હતા.આમ ૬૬% ગેરહાજરી નોંધાઈ હતી.

આ ઉપરાંત અપેરલ મેડ અપ એન્ડ ફર્નિશિંગ વિષયની પરીક્ષામાં નોંધાયેલા બંને વિદ્યાર્થી હાજર રહ્યા હતા અને IT/ITes વિષયની પરીક્ષામાં પણ નોંધાયેલા ૧ વિદ્યાર્થીએ હાજર રહીને પરીક્ષા આપી હતી. જયારે સવારના સેશનમાં લેવાયેલી ધો.૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષામાં આજે રાજ્યશાસ્ત્ર વિષયનું પેપર લેવાયું હતું. જેમાં નોંધાયેલા ૭ પૈકી ૪ વિદ્યાર્થીઓએ હાજર રહીને પરીક્ષા આપી હતી અને ૩ ગેરહાજર રહ્યા હતા.